ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટીના ટેકનીકલ અને સહાયક કર્મચારીગણની ભરતી માટે રાજ્ય કક્ષાએ પસંદગી સમિતિનું પુન:ગઠન કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: જજઅ/૧૨૨૦૨૨/૦૧૪૮/છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૦/૦૩/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: આઇસીપીએસ/જીએસસીપીએસ/CNCP/૧૧૧/૨૦૨૧-૨૨/૮૧૮, તા.૦૭/૦૩/૨૦૨૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/૧૦૨૦૧૦/૫૩૧(૧)/છ, તા.૨૪/૦૩/૨૦૧૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૪/૨૦૯૭૬૨/છ, તા.૦૮/૧૦/૨૦૧૪.

આમુખ :-

ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજના અંતર્ગત રાજ્ય કક્ષાએ ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટીની રચના થયેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક (૨) ના આ વિભાગના ઠરાવથી સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS)ની માર્ગદર્શિકા અનુસાર ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટીમાં મેનપાવરની પસંદગી કરવાની સમિતિની રચના કરવામાં આવેલ. વંચાણે લીધેલા ક્રમાંક (૩) ના આ વિભાગના ઠરાવથી ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટીના માળખામાં ફેરફાર કરવામાં આવેલ. વંચાણે લીધેલા ક્રમાંક (૧) થી મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટીએ ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી કચેરીમાં ૧૧ માસ કરાર આધારીત કર્મચારીઓની ભરતી માટે પસંદગી સમિતિનું પુન:ગઠન કરવા દરખાસ્ત કરેલ. સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી કચેરીમાં ૧૧ માસ કરાર આધારીત કર્મચારીઓની ભરતી માટેની પસંદગી સમિતિ નીચે મૂજબની રહેશે.

| | હાલનો હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| (૧) | સી.ઇ.ઓ, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી અને નિયામક, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર | ચેરમેન |
| (૨) | નાયબ સચિવશ્રી (સ.સુ.) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય | સભ્ય |
| (૩) | સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર | સભ્ય |
| (૪) | સંયુક્ત નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર | સભ્ય |
| (૬) | નાયબ નિયામકશ્રી, બાળ કલ્યાણ શાખા, સમાજ સુરક્ષા ખાતું ગાંધીનગર | સભ્ય |
| (૫) | પ્રોગ્રામ મેનેજરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી/સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્શી | સભ્ય સચિવ |

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( લીના કે.વાઘેલા )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરી, બ્લોક નં.-૧૬,ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનૂસુચિત જાતિ કલ્યાણ, બ્લોક નંબર - ૪, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ, બ્લોક નંબર-૪, ૩ જો માળ,, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ, બ્લોક નં. ૧૯, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી,(સા.ન્યા.),નાણા વિભાગ, ગાંધીનગર
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.